# ઈકોફ્રેન્ડલી હોળી રમી, પાણીનો વ્યય અટકાવીએ

## બજારોમાં રંગોનું આગમનઃ પિચકારીઓના ભાવમાં વધારો



ગાંધી.તા.૨૮

રંગોનો તહેવાર ધુળેટી નજીક આવી રહ્યો છે. સૌ કોઈ રંગથી રમવા માટે આતુર હોય છે. નાના હોય કે મોટા સૌ કોઈને આ તહેવાર પસંદ આવે છે.હોળી અને ધુળેટી પર્વને લઈને શહેરીજનોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે.

હોળી-ધુળેટી તહેવાર નજીક આવતા બજારોમાં રંગબેરંગી કલર સાથે પીચકારીઓનું બજારોમાં વેચાણ શરૂ થઈ ચુકયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી-ધૂળેટી પર્વમાં રંગબેરંગી કલર સાથે પીચકારી-ગન, કાચા-પાકા રંગ સહિતની ચીજવસ્તુઓનું હોલસેલ માર્કેટ ઉચકાયું છે. આગામી દિવસો માં રીટેઈલ માર્કેટમાં ધૂમ ખરીદી નીકળે તેવી વેપારીઓમાં આશા છે.

આ તહેવાર 'રંગોનો તહેવાર' એટલે જ કહેવાય છે કે આ દિવસે સવારથી સૌ કોઈ નાના મોટા એકબિજા પર અબિલ, ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. જો કે હવેનાં સમયમાં ક્યાંક ક્યાંક રસાયણિક રંગોનો ઉપયોગ પણ કરાય છે, જેનો ઉપયોગ બને તેટલો ટાળવો હિતાવહ છે.

હોલીકા દહનનાં બીજા દિવસે ધુળેટી પર્વમાં નાના-બાળકોથી યુવા વર્ગ સૌ કોઈ અરસપરસ અબીલ-ગુલાલ, કાચા-પાકા રંગ છાંટી ધૂળેટી પર્વની ઉજવણી કરે છે.

આ વર્ષે કલરના ભાવમાં કોઈ ભાવ વધારો નથી. પ્લાસ્ટીકવેર પીચકારીની અલગ અલગ રેન્જમાં ૩૦થી ૪૦ ટકાનો ભાવ વધારો છે. કલર અને પીચકારીઓના જથ્થાબંધ ઓર્ડરો ગત ડિસેમ્બર પહેલા લખાવ્યા છે છતાં ઓર્ડર મુજબ પુરતો માલ આવતો નથી. આ વર્ષે પ્રોડકટમાં ૫૦ ટકાનો કાપ જોવા મળી રહ્યો છે પરિણામે માલની અછત છે. આ વર્ષે જથ્થાબંધ ઓર્ડરમાં ૪૦ ટકાનો કાપ હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. પીચકારીમાં ગનથી માંડી ટેક્ક પીચકારી રૂા.૧૦થી રૂા.૭૦૦ સુધીની રેન્જની અલગ અલગ વેરાયટી રીટેઈલ વેચાણ તથા રૂા.૧૦થી રૂા.૧૦૦ પ્રતિ કિલોના ભાવે કલર વેચાણમાં રહેશે. કાચા-પાકા કલરના ભાવોમાં પણ મોટો તફાવત રહેશે. પાણીમાં મિશ્રીત અને કોરા કલરના ભાવમાં પણ મોટો તફાવત છે.આગામી દિવસોમાં હવે શેરી-ગલીઓમાં ફેરીયાઓ રેકડીઓમાં કલર-પીચકારી વેચવા નીકળશે. શહેરમાં હોળી-ધૂળેટી પર્વમાં આ વર્ષે રંગોત્સવ જામશે.

**આ વખતે ઈકો ફ્રેન્ડલી હોળી ઉજવીએ : પાણી વગર ધુળેટી રમીએ**

રંગો નું પર્વ હોળી જેના બીજા દિવસે ધુળેટી ની ઉજવણી કરવામાં આવે છે.જેને વર્ષો પહેલા માટી થી કાદવ કીચડ થી રમવામાં આવતી હતી એટલે જ આ પર્વ ને ધુળેટી તરીકે ઓળખવામાં આવે છે.જો કે હવે માટી થી તો અમુક જ વિસ્તારોમાં રમાય છે.હવે તો રંગો અને પાણી થી વધારે રમાય છે આ પર્વ.ત્યારે પર્યાવરણ ની જાળવણી ને ધ્યાન માં રાખવું પણ ખૂબ અગત્યનું બન્યું છે.પાણી થી રમતા લોકો માટે એક સંદેશ જાય તે ખૂબ જરૂરી છે કારણ કે પાણી થી રમતા રમતા લોકો હજારો લીટર પાણી નો વેડફાટ કરી દેતા હોય છે જે અંતે ગટર માં જ જાય છે.તેથી આ પાણી નો વ્યય ન થાય અને લોકો આ વખતે ઈકો ફ્રેન્ડલી ધુળેટી રમે તેવી સૌને અપીલ કરવામાં આવે છે. જેમાં પાણી વગર અને કેમિકલ વગર ના રંગો નો ઉપયોગ કરીને ઉત્સાહ પૂર્વક ઉજવણી કરી શકાય છે.પર્યાવરણ ની જાળવણી એ આપણા સૌનું કરતવ્ય છે.જળ એ જ જીવન છે. ઉત્સાહ માં આવીને કોઈએ એક દિવસ ની ખુશી અને મજા માટે પાણી નો વ્યય ન જ કરવો જોઈએ.

## રાષ્ટ્રીય વિમુક્ત વિચરતી જનજાતિ મહાસભાની પ્રદેશ કાર્યકારીણી બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૨૮

રાષ્ટ્રીય વિમુક્ત વિચરતી જનજાતિ મહાસભાના ગુજરાત પ્રદેશની કાર્યકારીણી મીટીંગ આજે તા. ૨૮-૨-૨૩ નાં રોજ ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીપાલસિંહજી નાયકની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જયેશભાઈ ગોસ્વામી, રાષ્ટ્રીય મહામંત્રી રીતેશ નાયક તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અજમલભાઈ વણઝારા સહિત ગુજરાતના વિવિધ જીલ્લાઓ અને તાલુકાઓથી આવેલા પદા ધીકારીઓ અને આમંત્રીત મહેમાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી.આ પ્રસંગે ઉપસ્થિત જીલ્લા, તાલુકા અને શહેરના હોદ્દેદારો અને ખાસ આમંત્રીતો એ વિમુકત અને વિચરતી વિવિધ ૪૦ જેટલી જ્ઞાતિઓ માટે સામાજીક એક્તા, સમાન હક્ક સમાન તક, સંગઠનની એકતા ઉપરાંત ગુજરાતમાં વિવિધ સંગઠીત કાર્યક્રમો અંગે ચિંતન કર્યું હતું ને ઉપસ્થિત આમંત્રીતોએ આ ચિંતન ઉપર માર્ગદર્શન આપ્યું હતું.

વિશેષ ઉપસ્થિત રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીપાલજી નાયકે ઉપસ્થિત સૌ હોદ્દેદારોને "સંગઠન ઉપર વિશેષ ધ્યાન આપવા સાથે ગુજરાતના પ્રત્યેક ગામ, શહેર અને જિલ્લામાં સમાજની ચિંતા કરતો આપણો કાર્યકર કે આગેવાન હોવો જોઈએ" કહ્યું હતુ. વધુમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે "આ દેશમાં સૌથી વધારે શહાદતો અને બલિદાનો આ તમામ જાતિ જનજાતિ બક્ષીપંચ અને વિમુકત વિચરતી જ્ઞાતિઓએ આપ્યાં છે તેમ છતાં હજુ સુધી રોહીણી કમિશન કે પુરતો સામાજિક ન્યાય પણ નથી મળ્યો કારણ આપણી સામાજિક એકતાનો અભાવ છે, તેમણે ઉપસ્થિત તમામને એક સંગઠીત થઈ એક છત્ર નીચે એકત્ર થવાની અપીલ કરતાં સંસ્થા ઉત્તરપ્રદેશ સહિત મોટાભાગના રાજ્યોમાં વિશાળ સંખ્યામાં સંગઠન મજબૂત બની રહ્યું છે ત્યારે ગુજરાતમાં પણ સંગઠન મજબૂત બને તે દિશામાં આગળ વધવાની અપીલ કરી હતી."

## શિવ સમીપે કૈલાસ માન સરોવર યાત્રા



ગાંધી.તા.૨૮

તારીખ ૨૬/૨/૨૩ ના રોજ' શિવ સમીપે..કૈલાસ માન સરોવર યાત્રા' અશ્વિન દવે લિખીત પુસ્તક નો વિમોચન સમારોહ શ્રી સ્વામિનારાયાણ મંદિર સેકટર ૨ ના હોલ માં યોજાયો હતો. વી. એસ.ગઢવી,ડો.જયંતી રવી, તેજસભાઈ દવે,પુજ્ય કૈલાસ દીદી દ્વારા વિમોચન સંપન્ન થયુ હતુ. યાત્રાનું વર્ણન, અનુભવ,અનુભૂતિ ઉપરાંત સર્વાંગી આરોગ્ય નુ નિરુપણ પુસ્તક માં છે.આ યાત્રા માટે જવા ઈચ્છુક યાત્રીઓ માટે પણ વિગતવાર માર્ગદર્શન આપેલ છે. આ સમારોહ માં બ્રીજેશ મેરજા,પૂર્વ મંત્રી, ,ઉચ્ચ અધિકારીશ્રીઓ,પરિવાર ના સભ્યો, મિત્રો,દિવ્ય જીવન સંધ, યોગ ગૃપ ના સભ્યો વિગેરે મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડ્ઝ - જિફા સાથે આઈપીઆરએસનું જોડાણ



ગાંધીનગર, તા. ૨૮

મ્યુઝિક કોપીરાઈટ સોસાયટી, ઈન્ડિયન પર્ફોર્મિંગ રાઈટ સોસાયટી (આઈ આર પીએસ) ભારતમાં એના સભ્યો તરીકે ૧૦હજારથી વધારે કમ્પોઝર, લીરિસિસ્ટ અને મ્યુઝિક પબ્લિશર્સ ધરાવે છે. સોસાયટીએ ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડ્ઝ (જિફા) સાથે જોડાણની જાહેરાત કરી છે. આ જોડાણનો આશય આ વિસ્તારમાંથી સંગીતકારો અને પ્રતિભાઓને ઓળખ અપાવવાનો અને તેમને બિરદાવવાનો છે. આ કાર્યક્રમમાં, આઈપીઆરએસ દ્વારા કેદાર ઉપાધ્યાય અને ભાર્ગવ પુરોહિતને ફિલ્મ 'સૈયર મોરી રે' માટે બેસ્ટ કમ્પોઝરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કોપીરાઈટ સોસાયટીએ આઈ પી આરએસની ભૂમિકા વિશે જાગૃતિ લાવવા કાર્યક્રમના સ્થાન પર હેલ્પડેસ્ક પણ સ્થાપિત કર્યું છે તથા કાર્યક્રમમાં સામેલ થયેલા સંગીતકારો અને ઉદ્યોગના વ્યક્તિ ઓ સાથે જોડાણ કર્યુ છે. આઈપીઆરએસના પ્રતિનિ ધિઓએ લેખકો, કમ્પોઝર્સ અને મ્યુઝિક પબ્લિશર્સ સાથે સંવાદ કર્યો હતો, જેથી તેમને સંગીતના કોપીરાઈટની સમજણ મળી હતી, રચનાકાર તરીકે અધિકારો જાળવવા માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું અને મ્યુઝિકમાંથી રૉયલ્ટીની આવક મેળવવાની માહિતી મળી હતી. આઈપીઆરએસની ભાગીદારી વિશે રાકેશ નિગમે કહ્યું હતું કે, "IPRS™u GIFA ૨૦૨૩ સાથે જોડાણ કરીને ગુજરાતી ફિલ્મ ઉદ્યોગના કમ્પોઝર્સ અને લીરિસિસ્ટ સુધી પહોંચવાની ખુશી છે.



રાજયકક્ષાનો આઠમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૩ ઈડર મુકામે યોજાઈ ગયો . જેમાં ગુજરાત રાજ્યના ૧૬૭ શિક્ષકોએ ભાગ લીધેલ હતો જેમાં શેરથા હાઈસ્કૂલના શિક્ષિકા શ્રીમતી ડિમ્પલબેન એચ. ભટ્ટ દ્વારા પોતાની ઍહ્રી ચેનલ ડિમ્પલ ભટ્ટ કૃતિ રજૂ કરવામાં આવેલ હતી જે અન્ય શાળાઓને પણ ઉપયોગી થાય તેવું ઈનોવેશન હતું . સૌનો સારો પ્રતિસાદ મળેલ હતો.

## સમદર્શન આશ્રમમાં આજથી રજતજયંતી વર્ષ 'કૃપાપર્વ'નો વિધિવત્ પ્રારંભ થશે

**સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ માં 'કૃપાપર્વ'ના પ્રારંભે આજે શ્રી વી.એસ.ગઢવીનું વક્તવ્ય : નાગરિકોને જાહેર આમંત્રણ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૧ માં સ્થિત સમદર્શન આશ્રમમાં પરમ પૂજ્ય ગુરુમાના સત્સંગના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. ગાંધીનગર માટે મહામૂલા એવા આ અવસરના રજતજયંતી વર્ષની ભાવિક ભક્તજનો દ્વારા 'કૃપાપર્વ' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. સમદર્શન પરિવાર દ્વારા આ વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.ગાંધીનગર માટે ઐતિહાસિક એવા આ પર્વે તારીખ ૧-૩-૨૦૨૩ ને બુધવારે સાંજે ૬:૩૦ કલાકે સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ ખાતે જાણીતા લેખક-સાહિત્યકાર અને વક્તા શ્રી વી. એસ. ગઢવી જીવનમાં સત્સંગ ના માહાત્મ્ય વિશે મનનીય વક્તવ્ય આપશે.

ગાંધીનગરના નાગરિકોને કૃપાપર્વના પ્રારંભે આયોજિત આ વક્તવ્યનો લાભ લેવા જાહેર નિમંત્રણ છે.

## નેહરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા "યુવા સંવાદ-ઈન્ડિયા એટ ૨૦૨૪"નું આયોજન

ગાંધીનગર, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, ભારતની આઝાદી કા અમૃત મહોત્સવ-આઝાદીનું ૭૫મું વર્ષ અને તેના નાગરિકોની, સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસની ઉજવણી અને સ્મરણ કરી રહ્યું છે. વડાપ્રધાને ભારતના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં પણ પંચ પ્રાણના મંત્રની જાહેરાત કરી હતી. આ સંદર્ભમાં, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને તેની સ્વાયત્ત સંસ્થા નેહરુ યુવા કેન્દ્ર સંગઠન, ૧મી એપ્રિલથી ૩૧મી મે, ૨૦૨૩ સુધી. દેશભરના તમામ જિલ્લાઓમાં સમુદાય આધારિત સંસ્થાઓ (CBOs) દ્વારા "યુવા સંવાદ-ઈન્ડિયા એટ ૨૦૨૪૭" કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. રસ ધરાવતી સમુદાય આધારિત સંસ્થામાં જેમની કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ ન હોવી જોઈએ અને કોઈ ગુનાહિત ઈતિહાસ પણ ન હોવો જોઈએ તે ભાગ લઈ શકશે. સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ૩ કાર્યક્રમોનું આયોજન કરવા માટે કુલ ૩ સમુદાય આધારિત સંસ્થાની પસંદગી કરવામાં આવશે. રસ ધરાવનાર સમુદાય આધારિત સંસ્થા નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરની ઓફિસમાંથી અરજી ફોર્મ મેળવી શકે છે અથવા મોબાઈલ નંબર ૯૪૨૭૫ ૮૩૩૨૨ પર સંપર્ક કરી શકે છે.

## પી.કે. ચૌધરી કોલેજ દ્વારા વિશ્વ એક પરિવાર વિષય પર શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એન.એસ.એસ. દ્વારા વિશ્વ એક પરિવાર શિબિર પૂર્ણાહૂતિ કાર્યક્રમ તા. ૨૦-૨-૨૩ થી ૨૬-૨-૨૩ સુધી વાર્ષિક શિબિર માણેકપુર (બળિયાનગર)માં કરવામાં આવી હતી તેમાં જુદી પ્રવૃત્તિઓ અને વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યા હતા જેવા કે સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ, શેરી નાટક, મફત નેત્ર નિદાન અને ડાયાબિટીસ તપાસ, પ્રાકૃતિક ખેતી, અંધશ્રદ્ધા, બેટી બચાવો બેટી પઢાઓ રેલીનું આયોજન કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં માણેકપુરના સરપંચ ચૌધરી ક્રિષ્નાબેન, માણસા સંકુલના પ્રમુખ રમણભાઈ ચૌધરી, ટી.આર.એફ. હાઈસ્કૂલના મંત્રી છગનભાઈ ચૌધરી, ટી.આર.એફ. હાઈસ્કૂલના પ્રમુખ અમૃતભાઈ ચૌધરી, એન.એસ.એસ.ની દરેક વિદ્યાર્થીનીઓને નાસ્તાના ડબ્બાનું વિતરણ કર્યુ હતુ.

આ પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના ઉપ પ્રમુખ રણછોડભાઈ ચૌધરી, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી, મહેલુભાઈ શાસ્ત્રી, રમીલાબેન ચૌધરી, પુષ્પાબેન ચૌધરી તેમજ ૫૦ વિદ્યાર્થીની હાજર રહી હતી.

આ સમગ્ર સંચાલન એન.એસ.એસ. પોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવેલ હતુ. કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીના નેજા હેઠળ આ કાર્યક્રમ ગોઠવાયો હતો.




ગાંધીનગરની સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં બીએસસીના દ્વિતિય વર્ષમાં સેજલ ગોલે કોલેજ ટોપરનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તાજેતરમાં કોલેજમાં યોજાયેલા વાર્ષિક ઉત્સવ કાર્યક્રમમાં તેમનું સંસ્થાના ટ્રસ્ટીના હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સનમાન કરવામાં આવ્યું હતું.

## સ્વ.મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતીએ અભયઘાટ પર રાજ્યપાલએ પુષ્પાંજલિ અર્પણ કરી



ગાંધીનગર, તા.૨૮

ગુજરાત વિદ્યાપીઠમાં ૧૫ વર્ષ કુલનાયક તરીકે અને ૩૨ વર્ષ કુલપતિ તરીકે સેવાઓ આપનાર ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અને ગુજરાતના સપૂત સ્વર્ગસ્થ શ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતીએ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વ. મોરારજીભાઈ દેસાઈના સમાધિસ્થાન-અભયઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તત્પશ્ચ્યાત ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપકો, સેવકો અને વિદ્યાર્થીઓને આહ્વાન આપતાં તેમણે કહ્યું હતું કે, ઉર્જા, આત્મવિશ્વાસ, દ્રઢ ઈચ્છાશક્તિ અને સહિયારા પ્રયત્નોથી પૂજ્ય ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને શ્રી મોરારજીભાઈ દેસાઈએ દાખવેલા મૂલ્યો પર ચાલીને ગુજરાત વિદ્યાપીઠને નવી બુલંદીઓ પર લઈ જઈએ. અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ તેમના આહ્વાનને હર્ષોલ્લાસપૂર્વક વધાવી લીધું હતું.

## ''પ્રોજેક્ટ અમૃત''નો શુભારંભ





ગાંધીનગર, તા. ૨૮

આઝાદીના ૭૫માં ''અમૃત મહોત્સવ'' કાર્યક્રમ અંતર્ગત સતગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજપિતાજીના પાવન કરકમળ દ્વારા ''અમૃત પરિયોજના'', ''સ્વચ્છ જળ, સ્વચ્છ મન''નો પ્રારંભ થયો. ભારતના ૧૧૦૦થી પણ વધુ સ્થળોએ ૭૩૦ શહેરોમાં એક સાથે સવારે ૮ વાગ્યે આ આયોજન કરવામાં આવ્યું.બાબા હરદેવસિંહજીની શિક્ષાઓથી પ્રેરણા લઈ સંત નિરંકરી મિશન દ્વારા નિરંકરી સતગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના દિવ્ય નિર્દેશનમાં ''અમૃત પરિયોજના''નું આયોજન થયુ.

ગાંધીનગરમાં પણ પ્રાંતીયા ગામમાં આવેલ તળાવ અને તેની આસપાસ આવેલ પરિસરની સફાઈ કરવાનું આયોજન થયું. આ કાર્યક્રમમાં નડીયાદ અને છત્રાલનાં નિરંકારી ભક્તો પણ જોડાયા હતા.

ગ્રામ લોકોને કાર્યક્રમનો હેતુ સમજાવવા તથા જાગૃતિ લાવવા શાળાના બાળકોએ કાર્યક્રમના તેમજ તેના આગલા દિવસો ગામમાં બેનર સાથે રેલી કાઢી હતી. કાર્યક્રમનું સંચાલન કરણસિંઘે કર્યુ હતુ. ૩ કલાકના સફાઈ અભિયાન કાર્યમાં જોડાયેલા સેંકડો ભક્તોએ ૮ ટ્રેક્ટર કચરાનો નિકાલ કર્યો હતો.

## આત્મન ફાઉન્ડેશને ૧૨ ગામના લાભાર્થીઓને કીટ અર્પણ કરી

**મકાખાડમાં રેવા ગ્રામને આંગણે સ્નેહના શાકોત્સવની ઉજવણી કરાઇ**



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની સેવા પ્રવૃત્તિ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં માણસાના મકાખાડ ખાતેના રેવા ગ્રામમાં યોજાયેલા કાર્યક્રમમાં આસ પાસનાં લગભગ ૧૨ ગામના ૮૦ જેટલા જરૂરિયાતમંદ - ભગવાનના માણસોને અનાજ કીટ - પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. આ સાથે ઉપસ્થિત સહુએ સ્નેહના શાકોત્સવનો ભોજન પ્રસાદ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલે લાભાર્થીઓને કીટ અર્પણ કરી જણાવ્યું હતું કે "આ એક સમાજ અને માનવીય સંવેદનાનો પ્રસંગ છે. સંસ્થા ખૂબ ઉમદા અભિગમ સાથે સંસ્થા કાર્ય કરી રહી છે. રેવા ગ્રામ જલદી સાકાર થાય એવી હું શુભેચ્છા. લેખક અને પત્રકાર રમેશભાઈ તન્નાએ સમાજ સંવેદનાની વિવિધ પ્રેરક વાતો કરી પોતાનો રાજીપો વ્યક્ત કરતાં કહ્યું હતું કે "આ પ્રેમના પ્રસાદનો અવસર છે. અહીં કોઈ આપનાર નથી, કોઈ લેનાર નથી, બધા સમાન સ્તરે હૃદયથી જોડાયેલા છે. મારામાં બીજાનો ભાગ હોય છે - આ સાદી વાત સમજાય તો જીવન અંજલિરૂપ બની જાય". કથાકાર કનૈયાલાલ પંડ્યાએ આશીર્વચન પાઠવ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી અનિલભાઈ પટેલે રોજબરોજના જીવનમાં વિજ્ઞાનની ભૂમિકા તથા અન્ય રસપ્રદ વાતો કરી હતી. સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલે સહુને આવકારી રેવા ગ્રામ - આત્મન ફાઉન્ડેશનનો પરિચય આપ્યો હતો. પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ કીટ પ્રસાદ વિતરણ કાર્યમાં સહયોગ આપ્યો હતો. હર્ષદભાઈ રાવલે પ્રસંગોચિત હળવી રચના રજૂ કરી હતી. આ પ્રસંગે અનિલભાઈ પટેલ, રમેશભાઈ તન્ના, જ્યોતિબેન પંડ્યા, પ્રમુખભાઈ કે. પટેલ (ભોજન દાતા)નું શાલ ઓઢાડી, પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વે સ્વજનોને પુસ્તક અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ડૉ. જે. ડી. પ્રજાપતિ, ડો. બીનાબેન પટેલ, અરવિંદભાઈ પટેલ, જાણીતા તસવીરકાર અશ્વિન સોમપુરા, જાણીતા ચિત્રકાર રમેશ હાલારી, મુકેશભાઈ પટેલ, નિરંજનભાઈ શાહ, મુકેશભાઈ પરીખ, મહેન્દ્રભાઈ પટેલ, દિવ્યાબેન વરિયા, રશ્મિબેન શાહ, ઉર્મિલાબેન પટેલ, ઉષાબેન પટેલ, પ્રો. વિનિતા પટેલ, પ્રિ. અનિલભાઈ રાવલ, પ્રકાશભાઈ ભગવાનાની, ક્રિશ્નકુમાર રાણા, સુધીરભાઈ પટેલ, પ્રો.ઘેલજીભાઈ ભાટિયા, એસ.બી. ચૌહાણ વગેરે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.